eMAGAZINE
SURAT MUNICIPAL CORPORATION

Issue 206
November 27, 2009

## સાઉથ–વેસ્ટ (અઠવા) ઝોનની કામગીરી

સાઉથ–વેસ્ટ (અઠવા) ઝોનમાં આવેલ ટાઉન પ્લાનીંગ સ્કીમ નંબર : ૬ (મજુરા–ખટોદરા), ફા. પ્લોટ નં. ૧૨૧ ના કબજા ફેરફાર અંગે જમીન માલિક સ્વ. કાંતાબેન ઠાકોરભાઈ દેસાઈની વિધવાના વરસદાર પરેશભાઈ લલ્લુભાઈ નાયક એ સુરત માનગરપાલિકા વિરુધ્ધના હાઈકોર્ટમાં સ્પે. સી.એ. નં. ૧૨૨૭૨/૨૦૦૫ તથા સ્પે. સી.એ.નં. ઘ૨૦/૨૦૦૬ નોંધાવેલ જેમા નામ કોર્ટે મુળ માલિકને અન્ય ઓ.પી. નં. ૪૧ અને ૪૪ માંથી મળતી જમીનનો કબજો અપાવવા ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકા તરફથી હેરીટેજવીકની ઉજવણી અંતર્ગત હેરીટેજવોકનું આયોજન



સુરત મહાનગરપાલિકા તરફથી હેરીટેજવીકની ઉજવણી અંતર્ગત તા. ૨૨–૧૧–૨૦૦૯ નાં રોજ હેરીટેજવોકનું આયોજન મા. મેયરશ્રી રણજીતભાઈ ગીલીટવાલાનાં અધ્યક્ષપદે સવારના ૯.૦૦ કલાકે બ્રિટીશ સીમેટ્રીથી શરૂ કરી ડચ, આર્મેનીઅન સીમેટ્રી થઈ મીરઝાનસામી રોઝો, ચિન્તામણી જૈન દેરાસર, આઈ.પી. મિશન હાઈસ્કૂલ, મુગલસરાઈ, એન્ડ્રુસ લાયબ્રેરી, સોરાબજી જે.જે. ટ્રેનીંગ કોલેજ થઈ જુના સ.વ. પટેલ મ્યુઝિયમ હેરીટેજ પ્રદર્શનની મુલાકાત લઈ જુના અંબાજી મંદિર થઈ વીર કવિ નર્મદનાં નિવાસસ્થાન સુધી રાખવામાં અવેલ ...

વધુ માટે કલીક કરો >>>>>>



## શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ હેઠળ આશરે ૮,૨૧,૨૦૦ જેટલા બાળકોની તપાસણી હાથ ધરવામાં આવશે

રાજય સરકાર દ્વારા જાહેર કરવામાં આવેલ "શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ" અંતર્ગત સુરત નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ સંચાલિત પ્રાથમિક શાળાઓ, માન્ય ખાનગી પ્રાથમિક / માધ્યમિક શાળાઓમાં તથા બાલવાડી / આંગણવાડીમાં અભ્યાસ કરતા બાળકોની તબીબી તપાસનો કાર્યક્રમ તા. ૧૬/૧૧/૨૦૦૯ થી તા. ૦૯/૦૧/૨૦૧૦ દરમ્યાન હાથ ધરવામાં આવેલ છે ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સાઉથ–વેસ્ટ (અઠવા) ઝોનની કામગીરી

સાઉથ–વેસ્ટ (અઠવા) ઝોનમાં આવેલ ટાઉન પ્લાનીંગ સ્કીમ નંબર : ૬ (મજુરા–ખટોદરા), ફા. પ્લોટ નં. ૧૨૧ ના કબજા ફેરફાર અંગે જમીન માલિક સ્વ. કાંતાબેન ઠાકોરભાઈ દેસાઈની વિધવાના વરસદાર પરેશભાઈ લલ્લુભાઈ નાયક એ સુરત માનગરપાલિકા વિરુધ્ધના હાઈકોર્ટમાં સ્પે. સી.એ. નં. ૧૨૨૭૨/૨૦૦૫ તથા સ્પે. સી.એ.નં. ઘ૨૦/૨૦૦૬ નોંધાવેલ જેમા નામ કોર્ટે મુળ માલિકને અન્ય ઓ.પી. નં. ૪૧ અને ૪૪ માંથી મળતી જમીનનો કબજો અપાવવા સુરત મહાનગરપાલિકાને હુકમ કરેલ જે અન્વયે સુરત મહાનગરપાલિકા તરફથી તા. ૨૪/૧૧/૨૦૦૯ ના રોજ ફા. પ્લોટ નં. ૧૨૧ ની બાકી રહેતી જમનનો કબજો સ્થળ પરના હયાત કુલ–૧૨ કાચા પાકા બાંધકામોને દુર કરવાની કાર્યવાહી ખટોદરા પોલિસ સ્ટાફ તેમજ મ્યુનિ. સીકયુરીટીના સહકારથી સાઉથ–વેસ્ટ(અઠવા) ઝોન ધ્વારા હાથ ધરી બાકી રહેતી આશરે ૭૪૦ ચો.મી. જમીનનો કબજો ખુલ્લો કરવામાં આવેલ છે.

ઉપરોકત કામગીરી સાઉથ–વેસ્ટ (અઠવા) ઝોનનાં ટેકનીકલ સ્ટાફ, પોલીસ સ્ટાફ, સીકયુરીટી સ્ટાફ, દબાણ ખાતાનો સ્ટાફ, ૫૦ બેલદારો, ૧ જે.સી.બી. અને ૫ ટ્રકની મદદથી સ્થાનિક લોકોના સહકારથી પાર પાડવામાં આવેલ છે.

TOP

# સુરત મહાનગરપાલિકા તરફથી હેરીટેજવીકની ઉજવણી અંતર્ગત હેરીટેજવોકનું આયોજન



સુરત મહાનગરપાલિકા તરફથી હેરીટેજવીકની ઉજવણી અંતર્ગત તા. ૨૨–૧૧–૨૦૦૯ નાં રોજ હેરીટેજવોકનું આયોજન મા. મેયરશ્રી રણજીતભાઈ ગીલીટવાલાનાં અધ્યક્ષપદે સવારના ૯.૦૦ કલાકે બ્રિટીશ સીમેટ્રીથી શરૂ કરી ડચ, આર્મેનીઅન સીમેટ્રી થઈ મીરઝાનસામી રોઝો, ચિન્તામણી જૈન દેરાસર, આઈ.પી. મિશન હાઈસ્કૂલ, મુગલસરાઈ, એન્ડ્રુસ લાયબ્રેરી, સોરાબજી જે.જે. ટ્રેનીંગ કોલેજ થઈ જુના સ.વ. પટેલ મ્યુઝિયમ હેરીટેજ પ્રદર્શનની મુલાકાત લઈ જુના અંબાજી મંદિર થઈ વીર કવિ નર્મદનાં નિવાસસ્થાન સુધી રાખવામાં અવેલ.

આ પ્રસંગે હેરીટેજવોકમાં સુરત મહાનગરપાલિકાના મા. મેયર શ્રી રણજીતભાઈ ગીલીટવાળા, સાંસદશ્રીમતિ દર્શનાબેન જરદોશ, ધારાસભ્ય શ્રી નાનુભાઈ વાનાણી, પક્ષનેતા શ્રી ભીમજીભાઈ પટેલ, ડી.ડી.ઓ. શ્રી જે.બી.વોરા, અન્યકમિટીનાં ચેરમેનશ્રીઓ, કોર્પોરેટરશ્રીઓ, એડીશનલ સીટીઈજનેરશ્રી વી.ડી.પટેલ, ડે.કમિશનર શ્રી મહેશસીંગ, ડે. કમિશનર (ઈન્ચાર્જ હેલ્થ એન્ડ હો.) શ્રી હેમંત દેસાઈ, ાસી. કમિશનર શ્રીસી.વાય.ભટ્ટ તેમજ સુરત મહાનગરપાલિકાના અન્ય અધિકારીઓ, કર્મચારીઓ તથા નામાંકીત ડોકટરો, નગરજનો તથા વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં હાજર રહયા હતા. વીર કવિ નર્મદના નિવાસસ્થાને હેરીટેજવોકનું સમાપન મા. મેયરશ્રી ધ્વારા કરવામાં આવેલુ.

TOP

# શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ હેઠળ આશરે ૮,૨૧,૨૦૦ જેટલા બાળકોની તપાસણી હાથ ધરવામાં આવશે



રાજય સરકાર દ્વારા જાહેર કરવામાં આવેલ "શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ" અંતર્ગત સુરત નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ સંચાલિત પ્રાથમિક શાળાઓ, માન્ય ખાનગી પ્રાથમિક / માધ્યમિક શાળાઓમાં તથા બાલવાડી / આંગણવાડીમાં અભ્યાસ કરતા બાળકોની તબીબી તપાસનો કાર્યક્રમ તા. ૧૬/૧૧/૨૦૦૯ થી તા. ૦૯/૦૧/૨૦૧૦ દરમ્યાન હાથ ધરવામાં આવેલ છે.

આ કાર્યક્રમનો ઉધ્ધાટન સમારોહ આજ રોજ સુરત નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની શાળા નં. ૧૧૪– ૧૧૬ પારસ પોલિસ ચોકી પાસે,કતારગામ,સુરત ખાતે સવારે ૧૦–૦૦ કલાકે માનનિય મેયરશ્રીરણજીતભાઈ ગીલીટવાળાના અધ્યક્ષપદે રાખવામાં આવ્યો હતો. જેમાં આરોગ્ય સમિતિના અધ્યક્ષા શ્રીમતી વીણાબેન નાણાવટી, રૂગ્ણાલય સમિતિના અધ્યક્ષા શ્રીમતી રંજનબેન સરતાનપરા, ન.પ્રા.શિ.સમિતિના અધ્યક્ષશ્રી.રૂપીન પચ્ચીગર, ગટર સમિતિના અધ્યક્ષ શ્રીપરસોત્તમભાઈ માંગુકીયા, રૂગ્ણાલય સમિતિના ઉપાધ્યક્ષ શ્રીવજુભાઈ સુહાગીયા, કતારગામ વોર્ડના મ્યુ.સદસ્યશ્રી ડો.જગદીશભાઈ પટેલ, શ્રી વિનુભાઈ મોરડીયા, શ્રીકાનજીભાઈ રબારી, મ્યુ.સદસ્યા શ્રીમતીગીતાબેન પટેલ, શ્રીમતિરેણુકાબેન શાહ, આરોગ્ય અધિકારી અને ઈ.ચા.ડે.કમિશ્નર(હેલ્થ અને હોસ્પીટલ) ડો.હેમંત દેસાઈ, ડે.કમિશ્નર(પ અને ઈ) તથા નોર્થ ઝોનના ઝોનલ ચીફ શ્રી.સી.જે.ગામીત,કાર્યપાલક ઈજનેરશ્રી.જે.એમ.ચૌહાણ, નાયબ આરોગ્ય અધિકારી ડો. કલ્પેશ ખત્રી, નાયબ આરોગ્ય અધિકારી ડો.મહેન્દ્ર પટેલ, તથા કતારગામ હેલ્થ સેન્ટરના મેડીકલ ઓફીસર તથા અન્ય અધિકારી/કર્મચારીઓ હાજર રહયા હતા.

કાર્યક્રમની શરૂઆત નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ શાળા નં.૧૧૪ – ૧૧૬ ની વિધાર્થી / વિધાર્થીનીઓએ પ્રાર્થના ગીત તથા સ્વાગત નૃત્ય દ્વારા કર્યુ હતું. હાજર રહેલ પદાધિકારી/ અધિકારીશ્રી ઓનું પુષ્પ ગુચ્છ દ્વારા સ્વાગત કરવામાં આવ્યું હતું.

આરોગ્ય અધિકારી અને ઈ.ચા.ડે.કમિશ્નર(હેલ્થ અને હોસ્પીટલ) ડો.હેમંતભાઈ દેસાઈએ સ્વાગત પ્રવચન તથા કાર્યક્રમ સંબંધી માહિતી આપતા જણાવ્યુ હતું કે,'નાના બાળકોમાં થતી સામાન્ય બિમારીઓ જેવી કે એનીમીયા,આંત્રકૃમિ,રતાંધળાપણું, દ્રષ્ટ્રિની ખામી, નાક કાન, ગળાના રોગો, ચામડીના રોગો, જેવી બિમારીઓનું પ્રાથમિક શાળા કક્ષાએ નિદાન કરી જરૂરી સારવાર આપી તેમને આ બિમારીઓમાંથી મુકત કરવા તથા બાળકોમાં આ બિમારીઓથી બચવા માટે જાગૃતી કેળવવી તથા નાગરીકોને પોતાના બાળકોના સ્વાસ્થ્ય પ્રત્યે જાગૃત કરવા એ આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ છે.

Continue …

સને ૨૦૦૮–૨૦૦૯ દરમ્યાન આ કાર્યક્રમ હેઠળ ૭,૫૪,૬૪૭ બાળકોની તબીબી તપાસ કરવામાં આવી હતી. જે પૈકી સામાન્ય બિમારીવાળા ૫૭,૭૯૯ બાળકોને સ્થળ ઉપર સારવાર આપવામાં આવી હતી. જેમાં બાળરોગ નિષ્ણાંત દ્વારા ૧,૦૨૬ આંખના નિષ્ણાંત દ્વારા ૧,૫૬૬ દાંતના નિષ્ણાંત દ્વારા ૬૪૧ ચામડીના નિષ્ણાંત દ્વારા ૮૬૦ નાક, કાન ગળાના નિષ્ણાંત દ્વારા ૫૨૫ તથા અન્ય ૧,૯૧૦ બાળકોને સારવાર આપવામાં આવી હતી. ૪,૧૧૧ જરૂરીયાતવાળા બાળકોને ચશ્માનું વિતરણ કરવામાં આવ્યું હતું.ખાસ કેસ તરીકે હૃદય ની સારવાર માટે ૧૬૧ બાળકોને, કીડનીની ખામીવાળા ૧૮ તથા કેન્સરની ખામીવાળા ૨૫ બાળકોને તેમના વાલીઓ સાથે નવી સીવીલ હોસ્પીટલ, અમદાવાદ ખાતે મોકલી સારવાર આપવામાં આવી હતી.

ચાલુ વર્ષે સુરત મહાનગરપાલિકા દ્વારા આ કાર્યક્રમ હેઠળ નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની પ્રાથમિક શાળા તથા માન્ય માન્ય ખાનગી આંગણવાડી / બાલવાડી/પ્રાથમિક/માધ્યમિક શાળાઓ મળી કુલ–૧૫૨૪ શાળાઓ તથા આંગણવાડીના બાળકો મળી આશરે ૮,૨૧,૨૦૦ જેટલા બાળકાની તબીબી તપાસ કરવામાં આવશે. આ માટે ૫૦ મેડીકલ ટીમોની વ્યવસ્થા કરવામાં આવી છે. દરેક ટીમમાં એક મેડીકલ ઓફીસર, એક પેરા મેડીકલ વર્કર અને જે તે શાળાના બે શિક્ષક / શિક્ષિકા મદદ માં રહેશે.

ન.પ્રા.શિ.સમિતીના અધ્યક્ષ શ્રી.રૂપીન પચ્ચીગરે પ્રાસંગીક પ્રવચનમાં રાજય સરકાર/સુરત મહાનગરપાલિકા બાળકોના આરોગ્ય માટે જાગૃત છે તે બદલ મહાનગરપાલિકાની કામગીરીને બિરદાવી હતી. તેઓએ જણાવ્યું હતુ કે, " જેનું તન તંદુરસ્ત તેનું મન તંદુરસ્ત " મન તંદુરસ્ત હોય તો તે બાળક સારી કામગીરી કરી શકે. સાથે તનની તંદુરસ્તી માટે આરોગ્ય નિરોગી હોવુ જરૂરી છે. જે માટે રાજય સરકાર / સુરત મહાનગરપાલિકા જાગૃત છે. બાળકોના આરોગ્ય બાબતે કાળજી રાખવા વાલીઓ તથા શિક્ષકોને સૂચન કર્યુ હતુ.

આરોગ્ય સમિતિના અધ્યક્ષા શ્રીમતી વીણાબેન નાણાવટીએ જણાવ્યુ હતુ કે, સુરત મહાનગરપાલિકા આરોગ્ય લક્ષી સુંદર કામગીરી કરે છે. બાળકોના આરોગ્યની સારી તપાસણી થાય તે માટે શિક્ષકોને કાળજી લઈ તપાસ કરાવવા સૂચન કર્યુ હતુ તથા વાલીઓને જાગૃતિ દાખવવા જણાવ્યું.

મા.મેયર શ્રી.રણજીતભાઈ ગીલીટવાળાએ પ્રાસંગિક પ્રવચનમાં જણાવ્યું હતું કે, રાજય સરકારના સહકાર સાથે સુરત મહાનગરપાલિકા છેલ્લા બાર વર્ષથી આરોગ્ય તપાસણી કાર્યક્રમ સુંદર રીતે પાર પાડે છે. રાજયના મુખ્ય મંત્રી બાળકોના આરોગ્ય માટે જાગૃત છે.દરેક શાળામાં જરૂરી તમામ સવલતો મળી રહે તે માટે સુરત મહાનગરપાલિકા પ્રયત્નશીલ છે. આ કાર્યક્રમ હેઠળ છેવાડાના બાળકો સુધી સેવાઓ મળી રહે તથા શાળામાં અભ્યાસ કરતા તમામ બાળકોની તંદુરસ્તી જળવાઈ રહે તે માટે શકય તેટલા તમામ પ્રયત્ન હાથ ધરવામાં આવશે."પહેલુ સુખ તે જાતે નર્યા" મુજબ દરેક બાળકોને આરોગ્ય સંબંધી કાળજી રાખવા,શાળાના શિક્ષકોને બાળકોને તંદુરસ્તીની ચાવીઓ શીખવવા અનુરોધ કર્યો હતો.

આભાર વિધી શાળા નં.૧૧૪ ના આચાર્યશ્રી,રજનીકાન્ત પટેલે કરી હતી.કાર્યક્રમનું સંચાલન શાળાના શિક્ષક શ્રી ધનસુખભાઈએ કર્યુ હતુ.

સમગ્ર કાર્યક્રમનું આયોજન મ્યુ. કમિશનરશ્રીના આદેશાનુસાર, આરોગ્ય અધિકારી અને ઈ.ચા.ડે.કમિશનર(હેલ્થ અને હોસ્પીટલ) ડો.હેમંત દેસાઈ ના માર્ગદર્શન હેઠળ નાયબ આરોગ્ય અધિકારી ડો.કલ્પેશ ખત્રી દ્વારા કરવામાં આવ્યું હતુ.

TOP